વાજબી ભાવના દુકાનના પરવાનેદારોની પોષણક્ષમતા જળવાઈ રહે તે માટે દુકાનદારોને કમિશન સહિત રૂ. ૨૦,૦૦૦/- પ્રતિ માસ આપવા બાબત.

ગુજરાત સરકાર

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

ઠરાવ ક્રમાંક: સીઓએફ/ઈ-ફાઈલ/૫/૨૦૨૩/૦૧૩૨/ક

સચિવાલય, ગાંધીનગર

તા. ૦૯/૦૨/૨૦૨૪

વંચાણે લીધા:

(૧) વિભાગનો તા. ૦૨/૦૯/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક : સીઓએફ/ઈ-ફાઈલ/૫/૨૦૨૩/૦૧૩૨/ક.

(૨) ગુજરાત ફેરપ્રાઈઝ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસિએશનનો તા. ૦૩/૦૯/૨૦૨૩નો પત્ર

(૩) નિયામકશ્રી, અ.ના.પુ.ની કચેરીની તા. ૦૨/૧૧/૨૦૨૩, તા. ૧૯/૧૨/૨૦૨૩, તા. ૦૮/૦૧/૨૦૨૪ અને તા. ૨૩/૦૧/૨૦૨૪ની દરખાસ્ત

**આમુખ :**

"રાષ્ટ્રીય અન્ન સલામતિ" કાયદામાં સમાવિષ્ટ રેશનકાર્ડધારકોને જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ તથા વિવિધ કલ્યાણકારી યોજનાઓ હેઠળના જથ્થાનુ વિતરણ વાજબી ભાવની દુકાનના પરવાનેદાર દ્વારા કરવામાં આવે છે. આ માટે સરકારશ્રી દ્વારા જણસીવાર નક્કી કરાયેલ દરે કમિશનની ચૂકવણી વાજબી ભાવના દુકાનના પરવાનેદારોને કરવામાં આવે છે. જેમાં સરકારશ્રી દ્વારા વખતો-વખત વધારો કરવામાં આવેલ છે. વંચાણ (૧)માં દર્શાવેલ વિભાગના તા. ૦૨/૦૯/૨૦૨૩ના ઠરાવથી વાજબી ભાવના દુકાનના પરવાનેદાર દ્વારા વાજબી ભાવની દુકાન મારફત કરવામાં આવતા તમામ આવશ્યક ચીજ વસ્તુઓના વિતરણ તથા વિવિધ કલ્યાણકારી યોજનાઓ હેઠળના જથ્થાના વિતરણ પરના કુલ કમિશન સહિત માસિક રૂ.૨૦,૦૦૦/- થી ઓછી રકમ મળતી હોય તેવા કિસ્સામાં સબંધિત વાજબી ભાવની દુકાનના પરવાનેદારને સબંધિત માસમાં મળેલ કમિશનની રકમને ધ્યાને લઈ રૂ. ૨૦,૦૦૦/- ની રકમમાંથી ઘટતી તફાવતની રકમ ચૂકવવાનું ઠરાવવામાં આવેલ છે.

વંચાણ (૨)માં દર્શાવેલ ગુજરાત ફેરપ્રાઈઝ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસિએશનના તા. ૦૩/૦૯/૨૦૨૩ના પત્રથી કરવામાં આવેલ રજુઆત અને તે અંગે વંચાણ (૩)માં દર્શાવેલ નિયામકશ્રી અ.ના.પુ.ની કચેરીના તા. ૦૨/૧૧/૨૦૨૩, તા. ૧૯/૧૨/૨૦૨૩, તા. ૦૮/૦૧/૨૦૨૪ અને તા. ૨૩/૦૧/૨૦૨૪ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે વિભાગના તા. ૦૨/૦૯/૨૦૨૩ના ઠરાવની શરતોમાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

આમુખની વિગતે કાળજીપૂર્વકની વિચારણાના અંતે, વાજબી ભાવના દુકાનના પરવાનેદાર દ્વારા કરવામાં આવતી તમામ આવશ્યક ચીજ વસ્તુઓના વિતરણ તથા વિવિધ કલ્યાણકારી યોજનાઓ હેઠળના જથ્થાના વિતરણ પરના કુલ કમિશન સહિત માસિક રૂ.૨૦,૦૦૦/- થી ઓછી રકમ મળતી હોય તેવા કિસ્સામાં સબંધિત વાજબી ભાવની દુકાનના પરવાનેદારને જે-તે માસમાં મળેલ કુલ કમિશનની રકમને ધ્યાને લઈ રૂ. ૨૦,૦૦૦/- ની રકમમાંથી ઘટતી તફાવતની રકમ નીચે મુજબની શરતે ચૂકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) વાજબી ભાવની દુકાન ખોલવા અંગેના વસ્તીના ધોરણોમાં ગ્રામ્ય વિસ્તારમાં ૩,૦૦૦ની વસ્તીમાં રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો -૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ લઘુત્તમ ૭૫% જનસંખ્યા પર એક દુકાન ખોલવા અને શહેરી વિસ્તારમાં ૭,૫૦૦ની વસ્તીમાં રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો -૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ લઘુત્તમ ૪૮% જનસંખ્યા પર એક દુકાન ખોલવાની રહેશે.

(૨) ગ્રામ્ય વિસ્તારમાં જે દુકાનોનું કમિશન માસિક રૂ. ૩૦,૦૦૦થી વધુ હોય અને શહેરી વિસ્તારમાં રૂ. ૪૦,૦૦૦થી વધુ હોય તેવી દુકાનોના રેશનકાર્ડને તેની નજીકની દુકાન કે જે રૂ. ૨૦,૦૦૦થી ઓછુ કમિશન મેળવતી હોય તેવી દુકાનોમાં નિયમોનુસાર રેશનકાર્ડ તબદીલ કરવાના રહેશે.

(૩) વિભાગના તા. ૨૬/૦૮/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક : વભદ/૧૦/૨૦૧૫/૨૬૨૪/કની જોગવાઈ અનુસાર, જે દુકાનો હાલમાં બંધ છે તેમાં હાલની નીતિ અનુસાર ખોલવાપાત્ર થતી નથી તેવી દુકાનોને ઓળખ કરી, કાયમી જોડાણ/ બ્રાંચ એફ.પી.એસ. કરવા માટે જીલ્લા કક્ષાએ કાર્યવાહી કરવા સંબંધિતોને સુચના આપવા અંગે નિયામકશ્રી, અ.ના.પુ.ની કચેરીએ કાર્યવાહી કરવાની રહેશે.

(૪) ગેરરીતિના કિસ્સામાં ખાતારાહે પગલાં લઈ નિયમોનુસાર પરવાના રદ કરવા તથા દુકાનો સાથે સંકળાયેલ લાભાર્થીઓને નજીકની અન્ય દુકાનો સાથે જોડાણ કરવા તથા જરૂર જણાયેથી નવી દુકાન ખોલવા અંગે નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૫) ઓછા લાભાર્થીઓ ધરાવતા વિસ્તારો કે જ્યાં નવી દુકાન ખોલવાપાત્ર થતી હોય તેવા સંજોગોમાં જ મોબાઈલ વાન મારફત આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ કરવાનું રહેશે. જે અંગેના ખર્ચની નિયામક અન્ન અને નાગરિક પુરવઠાની કચેરીએ અલાયદી મંજુરી લેવાની રહેશે.

(૬) મર્જ કરવાપાત્ર થતી હોય તેવી વાજબી ભાવની દુકાનોને તાત્કાલિક ધોરણે મર્જ કરવા અંગે કાર્યવાહી કરવાની રહેશે.

(૭) વાજબી ભાવની દુકાનના પરવાનેદારે જે માસમાં ૯૭% કે તેથી વધુ વિતરણ કરેલ હોય તથા આધાર આધારિત વિતરણ ૯૯% કે તેથી વધુ વિતરણ કરેલ હોય તે માસ માટે જ લઘુત્તમ રૂ. ૨૦,૦૦૦ ના તફાવતની રકમ ચુકવવાની રહેશે.

(૮) જે તે માસની લઘુત્તમ રૂ. ૨૦,૦૦૦ ના તફાવતની રકમ ચુકવવાપાત્ર થતી હોય તે માસની ૧ લી તારીખ થી માસના અંત સુધીમાં કોઈપણ વાજબી ભાવની મૂળ દુકાન ઉપરાંત એક થી વધુ હંગામી વાજબી ભાવ દુકાનનો (બ્રાંચ સહિત) ચાર્જ સંભાળતા હશે તો મળવાપાત્ર રહેશે નહી.

(૯) મૂળ દુકાન સાથે જો કોઈ દુકાન ચાર્જમાં જોડાયેલ હોય તો તે દુકાનને મૂળ દુકાન ઉપરાંત ચાર્જની દુકાન એમ બંને દુકાનનું કમિશન ગણવાનું થશે અને જો આ કમિશન રૂ. ૨૦,૦૦૦ કરતાં ઓછું હશે તો તફાવતની રકમ આપવાપાત્ર થશે. ચાર્જમાં ચાલતી વાજબી ભાવની દુકાનો માટે વધારાની કોઈ રકમ ચૂકવવાની રહેશે નહી.

(૧૦) લઘુત્તમ રૂ. ૨૦,૦૦૦ ની તફાવતની રકમની માટે PDS, MDM, ICDS એમ તમામ કલ્યાણકારી યોજના હેઠળ વિતરણ થતી તમામ આવશ્યક ચીજવસ્તુઓના વિતરણ પર ચુકવવાપાત્ર કુલ કમિશનની રકમને ગણતરીમાં લઈ લઘુત્તમ રૂ. ૨૦,૦૦૦ ની તફાવતની રકમ મળવાપાત્ર થશે.

(૧૧) વાજબી ભાવની દુકાનના પરવાનેદારોને ચૂકવવા પાત્ર રકમ વખતો-વખતના સરકારી નિયમોનુસારના ટેક્ષની રકમની કપાત કર્યા બાદ, જે તે દુકાનના પરવાનેદારના વેરીફાઇડ થયેલ બેંક ખાતામાં જમા કરાવવાની રહેશે.

(૧૨) વાજબી ભાવની દુકાનના પરવાનેદારને તફાવતની રકમ ચૂકવવાપાત્ર હોય પરંતુ તે પરવાનેદાર સરકારશ્રીના વખતો-વખતના કાયદા કે પરિપત્રો હેઠળ ગેરરીતીમાં સંડોવાયેલ જણાય તો તફાવતની રકમ મળવાપાત્ર રહેશે નહીં.

(૧૩) પરવાનેદારે વાજબી ભાવની દુકાન મંજૂર થયેલ અઠવાડિક રજા સિવાય માસના તમામ દિવસોમાં કાર્યરત (ચાલુ) રાખવાની રહેશે.

(૧૪) વાજબી ભાવની દુકાનના પરવાનેદારોએ સરકારશ્રીની વખતો-વખતના કાયદા, ઠરાવો, પરિપત્રોની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

આ ઠરાવનો અમલ તા. ૦૧/૧૧/૨૦૨૩થી કરવાનો રહેશે. આ ઠરાવ નાણાં વિભાગની તા.૦૨/૦૨/૨૦૨૪ અને સરકારશ્રીની તા.૦૭/૦૨/૨૦૨૪ ની આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નયના પટેલ)

નાયબ સચિવ

અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ,

ગુજરાત સરકાર

પ્રતિ,

૧. નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, બ્લોક નં.૧૪/૬, સચિવાલય, ગાંધીનગર

૨. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી., સેક્ટર ૧૦-એ, ગાંધીનગર

૩. જિલ્લા કલેક્ટરશ્રી, તમામ

૪. જીલ્લા પુરવઠા અધિકારીશ્રી, તમામ

૫. સેકશન અધિકારીશ્રી ક-૧ શાખા, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ, સચિવાલય,ગાંધીનગર

નકલ રવાના :-

૧. માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

૨. માન. નાણામંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૩. માન. મંત્રીશ્રી (અ.ના.પુ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

૪. માન. રા.ક. મંત્રીશ્રી (અ.ના.પુ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર

૫. અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૬. અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૭. સીસ્ટમ મેનેજરશ્રી (ઠરાવની નકલ વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂ)

૮. સીલેક્ટ ફાઇલ